


પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

# બનાસની ધરતીનો ધબકાર

અંકઃ ૧૧ | નવેમ્બર-૨૦૨૩
www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**દેશમાં નવીન ગ્રીન ક્રાંતિનાં મંડાણઃ**
**બનાસ ડેરી બાયો CNG પ્લાન્ટ અને અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો CNG મારુતિ સુઝુકી કાર રેલી**

**મેડ ઈન ઇન્ડિયાઃ**
**બનાસ ડેરીએ સ્થાપિત કર્યો એશિયાનો સૌપ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ**

**બનાસ ડેરીએ સર્જી ક્રાંતિઃ**
**શ્વેતક્રાંતિ, સ્વીટક્રાંતિ, હરિયાળીક્રાંતિ અને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ક્રાંતિ**



# દેશમાં નવીન ગ્રીન ક્રાંતિનાં મંડાણ

## બનાસ ડેરી બાયો CNG પ્લાન્ટ અને અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો CNG મારુતિ સુઝુકી કાર રેલી




- બનાસ ડેરીના બાયોગેસ પ્લાન્ટ દ્વારા જિલ્લાના પશુપાલકો ગોબરમાંથી રૂપિયા મેળવતા થયા.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પશુપાલકોની આવક બમણી કરવાનાં વિઝન
- ઓર્ગેનિક યાત્રામાં બનાસ ડેરીનું અમૂલ્ય યોગદાન : શ્રી શંકરભાઈ ચૌધરી
- બનાસકાંઠા જિલ્લાના તમામ ગામોને ફાયદો થાય તે માટે વિસ્તાર પ્રમાણે બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરશે.

દેશમાં સર્વપ્રથમ બનાસ બાયોગેસ સી.એન.જી. સ્ટેશન સ્થાપીને પશુઓના ગોબરમાંથી ગેસ ઉત્પન્ન કરીને 'વેસ્ટ' એટલે કે કચરામાંથી 'વેલ્થ' બનાવવાના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્નને બનાસ ડેરી સાકાર કરી રહી છે ત્યારે પુણેથી શરૂ થયેલી "અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો CNG કાર રેલી" મુંબઈ અને ગુજરાતનાં કેટલાંક શહેરોમાં પ્રવાસ કરીને ૨૫ નવેમ્બરના રોજ બનાસ બાયોગેસ સી.એન.જી. પ્લાન્ટ, દામા ખાતે પહોંચી હતી, જ્યાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ મારુતિ સુઝુકી કંપનીના ડિરેક્ટર (સીપીપી) શ્રી કેનિચિરો ટોયોફુકુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ "અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો CNG કાર રેલી" બનાસ ડેરી, પાલનપુર ખાતે આવી પહોંચી હતી, ત્યાં રેલીમાં સામેલ સૌ લોકોએ ભોજન ગ્રહણ કર્યું હતું તેમજ બનાસ ડેરીમાં ચાલતી કામગીરી નિહાળી હતી. ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે ગોબરને બાયોગેસમાં રૂપાંતર કરવાની નવી ક્રાંતિને વેગ આપવા, ડેરી પ્રવૃત્તિને વધુ પર્યાવરણલક્ષી અને ટકાઉ બનાવવા તેમજ પશુપાલકો અને ખેડૂતો માટે આવકનું નવું સાધન તૈયાર કરવા માટે "અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો સીએનજી કાર રેલી" એક આગવી પહેલ છે.

મહારાષ્ટ્રના પુણેથી શરૂ થયેલી "અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો સીએનજી કાર રેલી" એ તા. ૨૬ નવેમ્બરના રોજ આણંદ આવી પહોંચતાં પહેલાં ૧૪૦૦ કિ.મી.થી વધુ અંતર કાપીને વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, ગોધરા, હિંમતનગર, પાલનપુર, મહેસાણા અને અમદાવાદનો પ્રવાસ કર્યો હતો. આ રેલીનો ઉદ્દેશ ભારતના ડેરી ક્ષેત્રનું પર્યાવરણલક્ષી પાસું દર્શાવવાની સાથે-સાથે વર્ષ ૨૦૩૦ સુધીમાં વિશ્વના દૂધ ઉત્પાદનમાં ૩૩ ટકા યોગદાન આપીને "વિશ્વની ડેરી" બનવા અંગેનો નિર્ધાર વ્યક્ત કરવાનો છે.





ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રસંગને સંબોધતાં જણાવ્યું હતું કે બનાસ ડેરી ખેડૂતો, પશુપાલકો અને ગામડાંઓના વિકાસ માટે હંમેશાં પ્રતિબદ્ધ રહી છે. બનાસ બાયોગેસ સી.એન.જી. પ્લાન્ટમાં ગોબરમાંથી ગેસ ઉત્પન્ન કરવામાં આવે છે અને તેને શુદ્ધ કરીને CNGમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ આવતાંની સાથે પશુપાલકોને આર્થિક આવકની સાથે ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાનું નવું વાતાવરણ સર્જાયું છે તેમજ બનાસકાંઠા જિલ્લાએ ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ પગલાં લેવાની સાથે સ્વચ્છ ઊર્જા ઉત્પાદન તરફ પણ સફળ શરૂઆત કરી છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત, વેસ્ટ રિસાઈકલિંગ, પર્યાવરણની સુરક્ષા અને દેશના કાર્બન ફૂટ પ્રિન્ટને ઘટાડવા માટે ગોબરધન યોજના શરૂ કરવામાં આવી હતી, જે આજે બનાસ ડેરી થકી ખેડૂતોની આવક અને ગ્રીન એનર્જી વધારવાનો પર્યાય બની ગઈ છે. "અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો CNG કાર રેલી" એક અનોખો પ્રયાસ છે, ગોબરને બાયોગેસમાં રૂપાંતર કરવાની નવી ક્રાંતિ મારફતે ડેરી પ્રવૃત્તિને વધુ પર્યાવરણલક્ષી અને ટકાઉ બનાવવાનો તથા ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા પશુપાલકો તેમજ ખેડૂતો માટે આવકનો નવો સ્રોત ઊભો કરવાનો એક પ્રયાસ છે.

બનાસ ડેરી અમૂલ અને દેશમાં સૌથી વધુ પ્રચલિત કાર બ્રાન્ડ મારુતિ સુઝુકી સાથે મળીને સસ્ટેનેબલ ફાર્મિંગ તેમજ ડેરી ક્રાંતિનો સંદેશ સમગ્ર દુનિયામાં પ્રસરાવી રહી છે, પરંતુ વર્તમાન સમયમાં બનાસ ડેરી એકમાત્ર સહકારી સંસ્થા છે, જે પશુના ગોબરમાંથી બાયો CNGનું ઉત્પાદન કરી ટકાઉ ઊર્જા ક્ષેત્રમાં આગળ છે. દેશ અને દુનિયાના પ્રતિનિધિઓ બનાસ ડેરીના બાયો CNG પ્લાન્ટના અભ્યાસ અર્થે મુલાકાત કરીને પ્રેરણા મેળવી રહ્યા છે.

અત્યાર સુધીમાં આ પાઈલટ બાયો CNG પ્લાન્ટમાં ૩.૪૬ કરોડ કિલો ગોબરની ખરીદી કરવામાં આવી છે અને ખેડૂતોને ૩.૪૬ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે. આ બાયો CNG પ્લાન્ટમાં દરરોજ અંદાજિત ૧૦૦ મોટર વાહનોને બળતણ સપ્લાય કરીને અત્યાર સુધીમાં બાયોગેસમાંથી રૂ. ૨.૮૩ કરોડ રૂપિયાની આવક થઈ છે. આ ઉપરાંત ઓર્ગેનિક ખાતરના વેચાણમાંથી રૂ. ૭.૫૪ કરોડની આવક થઈ છે.

### બનાસ બાયો CNGથી થતા ફાયદાઓ

- બનાસ બાયો CNG બનાવવા માટે પશુપાલકો પાસેથી ખરીદાતા ગોબરના લીધે પશુપાલકોની આવક વધી છે.
- બાયો CNG બનાવવાની પ્રક્રિયામાં તૈયાર થતા લિક્વિડ ફોર્મનું ખાતર તેમજ ગોબરધન ખાતર થકી જમીનની ફળદ્રુપતા પણ વધી છે.
- જિલ્લામાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ પણ ઓછો થયો.
- કુદરતી કૃષિ ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળ્યું.
- ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહી છે.
- આ પ્લાન્ટથી ખેડૂતોને કુદરતી તત્ત્વોવાળું ઓર્ગેનિક ખાતર મળી રહે છે, જે ખૂબ જ ફાયદો આપે છે.
- આ ઓર્ગેનિક ખાતર સીધું જ ખેડૂતોને વેચવામાં આવે છે.
- પશુપાલકોઓ ખેતી સાથે ગોબર વેચીને પૈસા કમાતા થયા છે. પ્રતિકિલો રૂ. ૧ અપાય છે.
- ખેડૂતો પાસેથી ખરાબ થઈ ગયેલા બટાકા ખરીદવામાં આવે છે, જે સામાન્યરીતે ફેંકી દેવામાં આવતા હોય છે.
- ગોબરના પૈસા મળતાં લોકો ઢોરને છૂટાં મૂકતા નથી અને ઢોરઢાંખરથી થતી મુશ્કેલીઓ દૂર થઈ છે.

બાયો CNG એ ભારતનો અત્યંત ટકાઉ મોબિલિટી ફ્યૂઅલ વિકલ્પ છે. તે ગ્લોબલ વોર્મિંગ ઘટાડવામાં અને પર્યાવરણ



સંરક્ષણની દિશામાં નોંધપાત્ર અસરકારકતા દાખવી શકે તેમ છે. ‘અમૂલ ક્લીન ફ્યૂઅલ બાયો સીએનજી કાર રેલી’નો ઉદ્દેશ ભારતના ડેરી ક્ષેત્રનું પર્યાવરણલક્ષી પાસું દર્શાવવાની સાથે-સાથે વિશ્વના દૂધ ઉત્પાદનમાં સૌથી વધુ ટકાવારી સાથે યોગદાન આપવાનો છે ત્યારે તાજેતરમાં જ બનાસ ડેરીએ આત્મનિર્ભર ભારતની યાત્રામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના હાથ વધુ મજબૂત કરવા, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ દોરવા અને બનાસકાંઠા જિલ્લાને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા માટે ‘ગોબરધન’ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લામાં ગોબરમાંથી બાયો CNG અને પ્રાકૃતિક ખાતર ઉત્પાદન કરતા પ્લાન્ટ્સનું નિર્માણ કરવા માટે સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ સાથે ટોક્યો, જાપાન ખાતે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરી પ્રગતિના પંથે એક મહત્ત્વનું પગલું ભર્યું છે. ઊર્જા ક્ષેત્રમાં બનાસકાંઠાના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આવનાર ભવિષ્યમાં બનાસ ડેરી ભુખાલા (વડગામ), વીંછીવાડી (ધાનેરા), આગથળા (લાખણી), ખીમાણા (કાંકરેજ) ખાતે બનાસ બાયો CNG સ્ટેશન સ્થાપિત કરશે.

### ક્લીન ફ્યૂઅલ બાયો સી.એન.જી. માં બનાસ ડેરીની કામગીરી

ઉલ્લેખનીય છે કે દેશમાં સૌપ્રથમ ગોબરમાંથી બાયો CNG ગેસ બનાવવાનું શ્રેય બનાસ ડેરીને જાય છે. ખેડૂતોની આવક વધારવા માટે બનાસ ડેરીએ ખેડૂતો પાસેથી ગોબર ખરીદી ગોબરમાંથી બાયો CNG બનાવવાની શરૂઆત કરી. બનાસ ડેરીએ શરૂ કરેલા બાયો CNG પ્લાન્ટનો લાભ સમગ્ર ગુજરાત રાજ્યમાં થાય તેવા ઉમદા હેતુથી અમૂલ બનાસ અને NDDBના સંયુક્ત ઉપક્રમે બાયો CNG ગેસ સ્ટેશનની સંખ્યા વધારવા તકનીકી તેમજ આર્થિક મદદ માટે જાપાનની સુઝુકી કંપની સાથે MOU કરવામાં આવ્યા છે.

સુઝુકી મોટર કોર્પોરેશન, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે મળીને બનાસ ડેરી પશુ છાણ આધારિત બાયો CNG પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે, જેમાં સુઝુકી મોટર કોર્પોરેશન તકનીકી તથા આર્થિક સહાય સાથે મદદરૂપ થશે.

જાપાનમાં ભારતના રાજદૂત શ્રી સી.બી. જ્યોર્જની હાજરીમાં આજે જાપાનના ટોક્યો ખાતેના ભારતીય દૂતાવાસમાં શ્રી ટી સુઝુકી (પ્રમુખ, સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન), શ્રી શંકરભાઈ ચૌધરી (અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા તથા ચેરમેન, બનાસ ડેરી), શ્રી મીનેશ શાહ (ચેરમેન, એનડીડીબી), શ્રી જયેન મહેતા (મેનેજિંગ ડિરેક્ટર, જી. સી. એમ. એમ. એફ, અમૂલ) અને શ્રી સંગ્રામ ચૌધરી (મેનેજિંગ ડિરેક્ટર, બનાસ ડેરી) દ્વારા આ અંગેના એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. અગાઉ બનાસ ડેરીએ ડિસેમ્બર-૨૦૨૨માં સુઝુકી અને NDDB સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરીને આ અંગેની વાટાઘાટો શરૂ કરી હતી. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ભારતને સ્વચ્છ બનાવવા અને ખેડૂતોને તેમના પશુપાલન વ્યવસાયની આડપેદાશોમાંથી વધારાની આવક મેળવવામાં મદદરૂપ થવાનો છે. પશુઓનાં છાણમાંથી મેળવાયેલી બાયો CNGની આ ક્લીન એનર્જિમાંથી ગ્રીન હાઈડ્રોજન તેમજ લિક્વિડ બાયો-મિથેન (LBM)નું ઉત્પાદન કરી ગ્રીન એનર્જીના સ્રોત તરીકે વધુ ઉપયોગ કરી શકાશે.

બનાસ ડેરી અને સુઝુકી કંપની સાથે કરાયેલા કરારો મુજબ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૫ સુધીમાં પ્રારંભિક તબક્કામાં ૪ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. તમામ પક્ષોની પરસ્પર સમજૂતી મુજબ આ પ્લાન્ટોની સંખ્યામાં વધારો પણ કરવામાં આવશે. આ પ્લાન્ટો પ્રદૂષણ ઘટાડવામાં અને પર્યાવરણને જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અંદાજિત ૨૩૦ કરોડના કુલ રોકાણ સાથે ગ્રીન અને ક્લીન એનર્જી ઉત્પન્ન કરશે. CNG વાહનો માટે બળતણનું વિતરણ કરવા માટે દરેક પ્લાન્ટની સાથે બાયોગેસ ફિલિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે. તદુપરાંત જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે જૈવિક ખાતર (ગોબરધન)નું ઉત્પાદન પણ આ બાયોગેસ પ્લાન્ટો થકી કરવામાં આવશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું કહેવું છે કે, ‘આ પ્રોજેક્ટ થકી આત્મનિર્ભર ભારતનાં સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત ‘ગોબરધન પ્રોજેક્ટ’ થકી સ્વચ્છ ઊર્જા અને પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રે હરણફાળ ભરવા બનાસ ડેરી જઈ રહી છે. નેટ કાર્બન ન્યૂટ્રાલિટી તથા સર્ક્યુલર ઈકોનોમીને હાંસલ કરવા માટે એક પારોઠનું પગલું છે. હરિયાળું ભારત અને ખેડૂતોની આવક વધારવાના પ્રયાસોને વેગ મળશે. આ પ્રોજેક્ટ્સ થકી બનાસકાંઠા જિલ્લાને ઓર્ગેનિક જિલ્લો તથા ઊર્જા સ્વનિર્ભર જિલ્લો બનાવવા તરફનું એક પ્રયાણ છે. ખેડૂતોના હિત માટે અમને આજે આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં હિસ્સેદાર થવાનો આનંદ છે.’

### બનાસ બાયોગેસ મોડલ

૧) ખેડૂતોના ઘરેથી ગોબર એકઠું કરવું

૨) પ્રતિકિલો ગોબર પર રૂ. ૧ની ચુકવણી

૩) બાયોગેસ પ્લાન્ટ પર ગોબરને પ્રોસેસ કરવામાં આવે છે.

૪) ગોબરમાંથી બાયોગેસ અને સ્લરી અલગ કરવામાં આવે છે.

૫) કાચા બાયોગેસને શુદ્ધ અને સંકોચન કરવામાં આવે છે

૬) શુદ્ધ બાયોગેસને વાહનોમાં ભરવામાં આવે છે.

૭) એકંદરે ટકાઉ ઊર્જાનું નિર્માણ અને પર્યાવરણનું સંરક્ષણ થાય છે





# ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં બનાસ ડેરીના પટાંગણમાં યોજાયો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ

## આખા વર્ષ દરમિયાન પશુપાલકોએ વરસાવેલ અઢળક પ્રેમ, સ્નેહ અને આશીર્વાદ માટે હું સદાય એમનો ઋણી રહીશ અને મને વિશ્વાસ છે, આપ સર્વેનો અથાગ પરિશ્રમ નવા વર્ષમાં બનાસકાંઠાને નવી દિશા આપશેઃ ચેરમેન શ્રી શંકરભાઈ

બનાસ ડેરીના પટાંગણમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના દૂધ ઉત્પાદકો, ખેડૂતો, આગેવાનો અને કર્મયોગી કર્મચારીઓને રૂબરૂ મળી ચેરમેનશ્રીએ દિવાળી તેમજ નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી. તેમણે વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પશુપાલકો, ખેડૂતો, આગેવાનો, કર્મચારીઓનો અથાગ પરિશ્રમ નવા વર્ષમાં બનાસકાંઠાને નવી દિશા આપશે તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વરસાવેલ અઢળક પ્રેમ, સ્નેહ અને આશીર્વાદ વરસાવવા બદલ સૌનો આભાર માન્યો હતો.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની ગરિમામય ઉપસ્થિતિમાં બનાસ ડેરીના કેમ્પસમાં પ્રકાશ પર્વ અને નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે નવા વર્ષમાં બનાસ ડેરી દૂધ સાથે અન્ય વ્યવસાયોમાં વેલ્યૂએડિશન કરીને તેનો નફો પશુપાલકો સુધી પહોંચાડવાનો સફળ પ્રયાસ કરશે તેમજ બનાસ ડેરી બનાસકાંઠા જિલ્લાનું ગ્રોથ એન્જિન બન્યું છે અને સંઘે દરેક ક્ષેત્રમાં વિકાસનો પાયો નાખ્યો છે. ચેરમેનશ્રીએ આવનારું નવું વર્ષ રાજ્ય જ નહીં, પરંતુ દેશ માટે પ્રગતિનું વર્ષ તેમજ સુખમયી, નિરામયી જશે અને સૌ નાગરિકો સમૃદ્ધિ પ્રાપ્ત કરે તેવા આશાવાદ સાથે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ સહકારી ક્ષેત્રના વિકાસનાં કાર્યો પ્રત્યે કટિબદ્ધ છે ત્યારે સરકારી તેમજ બનાસ ડેરીની પશુપાલનલક્ષી તેમજ પ્રજાલક્ષી યોજનાના લાભ થકી છેવાડાનો માનવી મુખ્યધારા સાથે જોડાય તે પ્રકારનું પ્રજાલક્ષી કામ કરવા માટેની ખાતરી આપી હતી.

આ પ્રસંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેન શ્રી ભાવાભાઈ રબારી, ડિરેક્ટરશ્રી ભરતભાઈ ચૌધરી, ડિરેક્ટરશ્રી દિનેશભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી દિલીપસિંહ બારડ, ડિરેક્ટરશ્રી રામજીભાઈ ગુજોર, ડિરેક્ટરશ્રી પી.જે. ચૌધરી, ડિરેક્ટરશ્રી ધુડાભાઈ પટેલ સહિત અન્ય સહકારી આગેવાનો, મહાનુભાવો, સંઘના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દૂધ સંપાદનમાં બનાસ ડેરી દેશભરમાં મોખરે

## એક પણ દિવસ મિલ્ક હોલિડે રાખ્યા વગર દૂધ સંપાદન કરી સહકારી ક્ષેત્રમાં કુશળ વહીવટનું શ્રેષ્ઠ ઉદાહરણ



શ્વેતક્રાંતિનો ઈતિહાસ રચનાર વિશ્વપ્રસિદ્ધ બનાસ ડેરી એ કુશળ વહીવટ, નિયમબદ્ધ સંચાલન અને સચોટ વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ચેરમેનશ્રી લાખો પશુપાલકોની જીવાદોરી સમી બનાસ ડેરીમાં વિક્રમજનક દૂધની આવક નોંધાઈ છે. દૂધ સંપાદનની ક્ષમતા ૫૬ લાખ લિટર છે, પરંતુ કુશળતાથી વહીવટ કરીને બનાસ ડેરી ક્ષમતા કરતાં વધુ વિક્રમજનક દૂધ સંપાદન કરીને શ્વેતક્રાંતિમાં રેકોર્ડ રચે છે. ૨૦૧૪ પછી બનાસ ડેરીમાં દૂધની આવક દિન-પ્રતિદિન વધતી રહે છે, જાણે કે દૂધની ગંગા વહેતી થઈ હોય એવું બનાસકાંઠામાં વાતાવરણ સર્જાયું છે. બનાસ ડેરીના સક્ષમ અને સફળ નેતૃત્વના કારણે એક પણ દિવસ 'મિલ્ક હોલિડે' રાખ્યા વગર સતત પશુપાલકો પાસેથી દૂધ સ્વીકારવામાં આવે છે, જેના લીધે પશુપાલકો પણ વધુ પશુધન રાખીને વધુ દૂધ ઉત્પાદન કરતા થયા છે. આમ, તેઓની આવક બમણી થઈ રહી છે, આત્મનિર્ભર બની રહ્યા છે અને મહેનતનાં મીઠાં ફળ પણ પ્રાપ્ત કરી રહ્યા છે.

### બનાસ ડેરીમાં પાછલાં ૫ વર્ષમાં દૂધની સૌથી વધુ દૈનિક આવકના આંકડા

બનાસ ડેરીમાં પાછલાં ૫ વર્ષમાં દૂધની સૌથી વધુ દૈનિક આવકના આંકડા પર નજર કરીએ તો ૨૦૧૮-૧૯માં દૂધની દૈનિક આવક ૬૮.૮૯ લાખ લિટર નોંધાઈ તો વર્ષ ૨૦૧૯-૨૦માં દૂધની દૈનિક આવક વધીને ૭૩.૭૨ લાખ લિટર નોંધાઈ. વર્ષ ૨૦૨૦-૨૧માં દૂધની દૈનિક આવક ૮૫.૯૮ લાખ લિટર નોંધાઈ હતી. વર્ષ ૨૦૨૧-૨૨માં દૂધની દૈનિક આવક વધીને ૯૦.૫૮ લાખ લિટર નોંધાઈ હતી તો ચાલુ વર્ષમાં બનાસ ડેરીએ ૯૧.૦૦ લાખ લિટર વિક્રમજનક દૂધ સંપાદન કરીને બનાસ ડેરીએ શ્વેતક્રાંતિમાં રેકોર્ડ રચ્યો હતો. માન. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના સક્ષમ નેતૃત્વ હેઠળ પશુપાલકોની મહેનત અને બનાસ ડેરીની સચોટ વ્યવસ્થાથી દૂધ સંપાદનનો ઊંચો રેકોર્ડ નોંધાશે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં દૂધ ઉત્પાદનનું મૂલ્યવર્ધન અને પ્રોડક્ટ્સમાં વેલ્યૂએડિશન કરીને પશુપાલકોને તેનો ફાયદો અપાવવા તેમજ ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધુ મજબૂત અને સક્ષમ બનાવવા બનાસ ડેરી કટિબદ્ધ છે.

### બનાસ ડેરીના સફળ મેનેજમેન્ટ થકી અશક્ય બન્યું શક્ય

જ્યારથી શંકરભાઈ ચૌધરીની બનાસ ડેરીના ચેરમેન તરીકે વરણી થઈ છે ત્યારથી એટલે કે છેલ્લાં ૮ વર્ષથી દૂધની આવકમાં વધારો થવાનો સિલસિલો ચાલી રહ્યો હતો, જે ચાલુ વર્ષના જાન્યુઆરી મહિનામાં ઐતિહાસિક સપાટી વટાવી ચૂક્યો છે, જોકે સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે આ વધારા પાછળનું મોટું કારણ છે બનાસ ડેરીનો યોગ્ય વહીવટ અને ડેરી સાથે જોડાયેલ પશુપાલનનો વ્યવસાય. બનાસ ડેરીનો યોગ્ય વહીવટ કરનાર ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી બદલાતા જમાના સાથે ખેડૂતો અને પશુપાલકો સાથે તાલથી તાલ મિલાવીને ચાલી રહ્યા છે, જેના કારણે પશુપાલન ક્ષેત્રે પણ નવો કીર્તિમાન હાસંલ કર્યો છે. બનાસ ડેરીની સમગ્ર ટીમના સુદૃઢ અને સમયસરના આયોજનના પરિણામે આટલા મોટા દૂધના જથ્થાનો પડકારજનક સ્થિતિમાં અવેર થઈ રહ્યો છે, સાથે-સાથે જે પ્રમાણે દૂધની આવક વધી રહી છે તે સમયમાં એક પણ મિલ્ક હોલિડે રાખ્યા વગર જ દૂધનું સંપાદન કરવામાં આવી રહ્યું છે. આ બધું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની પ્રખર નેતૃત્વશક્તિના કારણે સફળ બની રહ્યું છે. દૂધના વ્યવસાયની સાથે-સાથે બનાસ ડેરીએ અનેક નવા વ્યવસાયો ઊભા કર્યા છે એટલું જ નહીં, બનાસ ડેરીએ તેમાં દૂધ ઉત્પાદકોને વળતર આપવામાં પણ વિશ્વના તમામ દેશોને પાછળ છોડ્યા છે. આ બધું કુશળ વહીવટના કારણે શક્ય બની રહ્યું છે.





# દિવાળી પર્વ પર લોકોએ માણ્યો બનાસ ડેરીની મીઠાઈનો સ્વાદ





- શુદ્ધતા સાથે પૌષ્ટિક અને આરોગ્યવર્ધક બનાસ ડેરીની મીઠાઈને પ્રજા તરફથી મળ્યો ભરપૂર પ્રતિસાદ
- પશુપાલકો, ખેડૂતો અને બાળકોને ભારતીય સંસ્કૃતિ અને ખાનપાન સાથે પરિચિત કરાવવામાં બનાસ ડેરીની મીઠાઈ અગત્યનો ભાગ ભજવે છે.
- બનાસ ડેરીએ મોહનથાળ, મોતીચૂર, કાજુકતરી, બરફી, કાલાજામ, દેવડા, ખોયાકાજુ, સેકેલા પેંડા, માવો અને વિવિધ પ્રકારનાં ચવાણાં-ફરસાણ બનાવીને તેનું વેચાણ કર્યું હતું.

'પ્રકાશ પર્વ' દિવાળીનું સાંસ્કૃતિક, પૌરાણિક અને ધાર્મિક મહત્ત્વ રહેલું છે, જે ભારતીય પરિવારમાં અપાર ખુશીઓ, પ્રેમ અને સ્નેહનું વાતાવરણ ઊભું કરે છે. દરેક ભારતીય પરિવાર દિવાળીના પર્વ પર નવાં કપડાં, ફટાકડા અને મીઠાઈની મજા માણે છે, જ્યારે કોઇ પણ તહેવારને ઊજવવાની વાત આવે છે તો સૌથી પહેલાં મીઠાઈ યાદ આવે છે. મીઠાઈ વગર કોઇ પણ તહેવાર, ખાસ કરીને દિવાળી પર્વ અધૂરું છે. મીઠાઈ ભારતની સંસ્કૃતિનો મહત્ત્વનો ભાગ છે. ખાસ કરીને દિવાળીમાં તેનું ખાસ મહત્ત્વ છે, કારણ કે આ પર્વ પર લોકો એકબીજાને મીઠાઈ ભેટમાં આપે છે એટલે જ માત્ર દિવાળી જ નહીં, આખા મહિના દરમિયાન લોકોના ઘરમાં મીઠાઈ રહે છે. ઘણીવાર વારંવાર બજાર ન જવું પડે એટલે લોકો એકસાથે ઘણીબધી મીઠાઈઓ ખરીદીને મૂકી દે છે.

દિવાળી પર્વ પર જેટલું ફટાકડાનું મહત્ત્વ હોય છે એટલું જ મીઠાઈનું પણ મહત્ત્વ હોય છે. દર વર્ષે દિવાળીના પર્વ પર બનાસ ડેરી સંપૂર્ણ શુદ્ધતા સાથે અવનવી વરાઈટીવાળી મીઠાઈ બનાવીને તેનું વેચાણ કરતી હોય છે. લોકો પણ બનાસ ડેરીમાં બનતી મીઠાઈની માગ કરતા હોય છે, જેથી બનાસ ડેરી પણ શુદ્ધ ઘી, દૂધ તેમજ ખાવાલાયક, આરોગ્યદાયક અને પૌષ્ટિકતાવાળી બનાસ મીઠાઈ બનાવીને લોકોમાં વેચે છે. આ વર્ષે પણ બનાસ ડેરીએ મોહનથાળ, મોતીચૂર, કાજુકતરી, બરફી, કાલાજામ, દેવડા, ખોયાકાજુ, સેકેલા પેંડા, માવો અને વિવિધ પ્રકારનાં ચવાણાં-ફરસાણ બનાવીને તેનું વેચાણ કર્યું હતું, જોકે આજકાલ બજારમાં મળતી મીઠાઈઓમાં ભેળસેળનું પ્રમાણ વધી ગયું છે. જો ભૂલથી મોંઘા ભાવની ભેળસેળવાળી મીઠાઈ દિવાળીના પર્વમાં કોઈના ઘરમાં આવી જાય તો તહેવારોનો આનંદ માંદગીની પીડામાં પલટાઈ જાય છે. આ સમગ્ર બાબતને ધ્યાનમાં રાખી અને લોકોના સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને શુદ્ધતા સાથે બનાસ મીઠાઈ બનાવવામાં આવી હતી એટલે જ તો બનાસ ડેરીની મીઠાઈને પ્રજા તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. લોકોએ મોટા પ્રમાણમાં બનાસ ડેરીની મીઠાઈ ખરીદી હતી.



# કાઈઝેન પ્રવૃત્તિ થકી બનાસ ડેરીએ કરી કરોડો રૂપિયાની બચત



'કાઈઝેન' એક જાપાની શબ્દ છે, જેનો અર્થ થાય છે 'સારા માટે બદલાવ.' તે એક બિઝનેસ ફિલસૂફી છે, જે સતત કામગીરીમાં સુધારો કરે છે અને તેમાં તમામ કર્મચારીઓનો સમાવેશ થાય છે. 'કાઈઝેન' પાછળનો મુખ્ય હેતુ સતત પરિવર્તન, બદલાવ અને શ્રેષ્ઠ પ્રાપ્ત કરવું. 'કાઈઝેન' એ બે જાપાનીઝ શબ્દોનું મિશ્રણ છે: કાઈ : અર્થ 'પરિવર્તન' અને ઝેન : અર્થ 'સારું'. તેની કેટલીક વિશેષતાઓ છે, જેવી કે નકામું દૂર કરવું, ઉત્પાદકતામાં સુધારો કરવો સંસ્થાની લક્ષિત પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓમાં સતત સુધારો કરવો તેમજ બહેતર મનોબળ, ટીમવર્ક, સુધારાઓ અને સૂચનો, ગુણવત્તા, શિસ્ત એ કાઈઝેનના સિદ્ધાંતો છે.

### બનાસ ડેરીમાં કાઈઝેનનો ઇતિહાસ

બનાસ ડેરીમાં કાઈઝેન પ્રવૃત્તિ ૧૯૯૮માં TQM મોડલ હેઠળ શરૂ થઈ હતી. હાલમાં TQM બનાસ એક્સલન્સ સિસ્ટમ ફોર ટ્રાન્સફોર્મેશન (BEST) તરીકે અપગ્રેડ થયેલ છે. બેસ્ટ હેઠળ સંસ્થા કાઈઝેન પ્રવૃત્તિને મજબૂત કરવા માટે ફરીથી ઉત્સાહિત થઈ છે. આ મોડલ હેઠળ કાઈઝેન વર્કશોપ ૧૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ હાથ ધરવામાં આવી હતી.

'કાઈ'નો અર્થ થાય છે 'પરિવર્તન' અને 'ઝેન'નો અર્થ થાય છે 'સારા માટે'. તેનો અર્થ છે કે 'સારા માટે બદલાવ'. સારા પરિવર્તન માટે કોઈ પણ ફેરફારને 'કાઈઝેન' તરીકે ઓળખવામાં આવે છે. મોટા ભાગના કિસ્સામાં કાઈઝેન એ ઓછી કિંમત, સરળ, ટીમ આધારિત અભિગમ છે. કાઈઝેનના મુખ્ય ઘટકો ગુણવત્તા, કર્મચારીઓની કુલ સંડોવણી, બદલાવની તૈયારી અને સંચાર છે.

### બનાસ ડેરીને અનુરૂપ કાઈઝેન શું છે?

કાઈઝેન એ વર્તમાન કાર્યપ્રણાલી- સાધનસામગ્રીની સ્થિતિ અથવા કોઈ પણ પ્રક્રિયામાં કરવામાં આવતા નિયમિત કાર્યમાં કોઈ પણ નાનો સતત સુધારો છે, જે તેને સરળ, સલામત, સસ્તો અથવા કાર્યક્ષમ બનાવવે છે, જેનાથી વ્યક્તિ તેમજ સંસ્થાને લાભ થાય છે. બનાસ ડેરી કાઈઝેન પ્રેક્ટિસ વિકસાવવા, અમલમાં



મૂકવા અને ટકાવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. કાઈઝેન દ્વારા બનાસ ડેરી એક એવું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરે છે, જ્યાં તમામ કર્મચારીઓ તેમના સર્જનાત્મક વિચારોનો મહત્તમ ઉપયોગ કરે. ઉચ્ચ સ્તરના કર્મચારીઓની સંડોવણી દ્વારા ગુણવત્તા, ઉત્પાદકતા, ડિલિવરી, થ્રુપુટ, થાક ઘટાડવા, ખર્ચ ઑપ્ટિમાઇઝેશન અને સલામતીમાં સતત સુધારણા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

બનાસ ડેરીના કર્મચારીઓ કોઇ પણ પ્રકારના કાર્યમાં બદલાવ લાવીને શ્રેષ્ઠ રીતે કરે છે ત્યારે તેઓ કાઈઝેનનું ફોર્મ ભરીને મહિનામાં પોતાના કાઈઝેન માટેની નોંધણી કરાવે છે. સંઘ દ્વારા મહિનામાં ચાર કાઈઝેન પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલા ચાર કાઈઝેનને સંઘ દ્વારા પ્રોત્સાહનરૂપે ઇનામ આપવામાં આવે છે. કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા કાઈઝેન દ્વારા બનાસ ડેરીનો કરોડો ફાયદો થયો છે. કાઈઝેન થકી સંઘના ખર્ચમાં ઘટાડો, સકારાત્મક પરિવર્તન અને આર્થિક બચત થઈ છે.

### ૨૦૨૩ દરમિયાન બનાસ ડેરીમાં થયેલ કાઈઝેન

ચાલુ વર્ષ ૨૦૨૩નાં પ્રથમ મહિનામાં જાન્યુઆરીમાં ૨૫૩૩, ફેબ્રુઆરીમાં ૨૭૩૮, માર્ચમાં ૩૦૭૫, એપ્રિલમાં ૩૨૯૩, મેમાં ૩૫૦૬, જૂનમાં ૩૬૩૨, જુલાઈમાં ૪૩૧૦, ઓગસ્ટમાં ૪૪૩૮, સપ્ટેમ્બરમાં ૪૮૭૪, ઓક્ટોબરમાં ૪૫૯૫ કાઈઝેન કરવામાં આવ્યા હતા.

બનાસ ડેરીના કર્મચારીઓ દ્વારા શ્રેષ્ઠ કામગીરી અને પરિવર્તન કરતાં વર્ષ ૨૦૨૩ દરમિયાન કુલ ૩૬,૯૬૪ કાઈઝેન કરવામાં આવ્યા હતા, જેના કારણે સંઘે મેથી ઓક્ટોબર મહિના સુધીમાં એટલે કે માત્ર ૬ મહિનામાં કાઈઝેન થકી ૧૬૦, ૬૦૮, ૭૧૩ રૂપિયાની બચત કરી છે. કર્મચારીઓ પોતાની આવડત, કળા અને કામ કરવાની ધગશથી સંઘના પરિવર્તન માટે સતત પ્રયાસ કરતા રહે છે.





# શિયાળાની ઋતુમાં પશુધનની માવજત



ભારતમાં ઋતુચક્રના ફેરફાર સાથે ૦૦થી ૪૫૦ ડિગ્રી સુધીનો તાપમાનમાં તફાવત જોવા મળે છે, જે અન્વયે પશુઓ માટે સાનુકૂળ તાપમાન ૧૮૦થી ૨૮૦ ડિગ્રી સુધીનું હોય છે, આનાથી ઉપર કે નીચેનું તાપમાન પશુઓની રોજબરોજની ક્રિયાઓમાં અડચણ ઊભી કરે છે, જેને લઈને પશુને અલગથી માવજતની જરૂર પડે છે. ભારતમાં નવેમ્બર માસ પછી શિયાળાની વિધિવત્ શરૂઆત થાય છે.

પશુઓની જાડી ચામડી મહદ્અંશે ઠંડીથી પશુને રક્ષણ પૂરું પડે છે, પરંતુ શિયાળાના તેજ ઠંડા પવનો અને વાવાઝોડુ પશુઓ અને પશુપાલકો માટે સમસ્યાનું કારણ બની રહે છે. ઠંડીમાં પશુ પોતાની ચામડીનું તાપમાન જાળવી રાખવા લોહીનો પુરવઠો ચામડી તરફ વધારે છે અને તે માટે હાર્ટ રેટ અને શ્વાસોશ્વાસમાં વધારો કરે છે, જેના પરિણામસ્વરૂપ વધુ એનર્જીની જરૂર ઊભી થાય છે, જેને પહોંચી વળવા માટે પશુને વધુ પૌષ્ટિક આહારની જરૂર પડે છે, જે એક અંદાજ મુજબ રોજિંદા ખોરાક કરતાં ૨૦% વધુ હોય છે.

### ખોરાકની બાબતમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા

- પશુઓના ખોરાકમાં પ્રોટીનની માત્રા વધુ મળી રહે તે માટે બનાસ દાણનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.
- ઠંડીના સમયમાં પશુને સાધારણ ગરમ હુંફાળું પાણી પીવા માટે મળી રહે તેનું ધ્યાન રાખવું.
- દૂધ આપતાં પશુઓને ૪૦થી ૫૦ ગ્રામ જેટલો ગોળ પાણીમાં આપી શકાય, જેથી કરીને પશુને ઠંડીથી બચવા માટે જરૂરી એનર્જી મળી રહે.
- તાજાં દુધાળાં પશુઓને લિક્વિડ કેલ્શિયમ ખોરાક સાથે આપવો જોઈએ, જેથી કરીને ચયાપચયની ક્રિયા માટે જરૂરી કેલ્શિયમ પશુના શરીરને મળી રહે.
- કેટલફીડ પ્લાન્ટમાંથી મળતું મિનરલ મિક્સચર બનાસ સુપરમીન તેમજ બનાસ સુપરફેટનો વપરાશ વધારવો જોઈએ.

### રહેઠાણની કાળજી માટે મુખ્યત્વે

- પશુઓને રાતના સમયે તબેલાની અંદર બાંધવાં જોઈએ અને રહેઠાણના ખુલ્લા ભાગને કંતાનથી ઢાંકવાં જોઈએ.
- દિવસ દરમિયાન ખુલ્લામાં સૂર્યપ્રકાશ પૂરતો મળી રહે તેમ બાંધવાં જોઈએ.
- નાનાં બચ્ચાંઓને અલગથી એક બારી સિવાય પેક હોય તેવા રૂમમાં બાંધવાં અને શક્ય હોય તો લાઇટનો ગોળો ચાલુ રાખવો.
- વધુ ઠંડી હોય તો બચ્ચાંનાં શરીરને કંતાનથી ઢાંકી પણ શકાય.

# બનાસ ડેરીએ સ્થાપિત કર્યો એશિયાનો સૌપ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ

**સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટમાં મોટા ભાગનાં સાધનો અને તકનીક સ્વદેશી છે, જે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "મેડ ઈન ઇન્ડિયા" કોન્સેપ્ટને રજૂ કરે છે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**



- બનાસ ડેરીમાં પહેલાં મેન્યુઅલ પદ્ધતિથી પનીરનું ઉત્પાદન કરાતું હતું, પરંતુ હવે ઓટોમેટિક પદ્ધતિથી પનીરનું ઉત્પાદન થશે.
- સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટના નિર્માણ માટે બનાસ ડેરીએ વૈશ્વિક તેમજ ભારત દેશના સપ્લાયર સાથે ચર્ચા કરીને પ્લાન્ટનું નિર્માણ કર્યું.
- બનાસ પનીર પ્લાન્ટ એ એશિયાનો પ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ છે.

બનાસ ડેરીએ પાલનપુર ખાતે પોતાના અન્ય આધુનિક પ્લાન્ટની જેમ સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) ૨૦ MTPD પનીર ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કર્યો છે. સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર પ્લાન્ટમાં મોટા ભાગનાં સાધનો ભારતનાં છે અને બહુ ઓછાં સાધનોની આયાત કરવામાં આવી છે. તેથી આપણે ગર્વથી કહી શકીએ કે પનીર પ્લાન્ટ 'મેડ ઈન ઈન્ડિયા' કોન્સેપ્ટ અંતર્ગત બનાવવામાં આવ્યો છે. બનાસ ડેરી માટે તે માત્ર સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર ઉત્પાદન લાઈનનો પ્રોજેક્ટ નથી, પરંતુ તે મેન્યુઅલ પનીર ઉત્પાદન પ્રક્રિયામાંથી સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર ઉત્પાદન પ્રક્રિયા તરફ સ્થળાંતર કરવાની યાત્રા છે, જે ભારતીય ડેરી ઉદ્યોગની પ્રશંસનીય સિદ્ધિ છે.

પનીર એ ભારતીય કુટીર ચીઝ અને ભારતનું પરંપરાગત ઉત્પાદન છે. ભૂતકાળમાં પનીરનું ઉત્પાદન મેન્યુઅલ પ્લાન્ટમાં





કરવામાં આવતું હતું, જેમાં કોગ્યુલેશન, હૂપ ફિલિંગ, પ્રેસિંગ, પનીર બ્લોક્સનું કૂલિંગ, કટિંગ અને પેકિંગમાં ઘણી બધી મેન્યુઅલ કામગીરી હોય છે. મેન્યુઅલ પ્લાન્ટમાં પનીરની ઈચ્છિત ગુણવત્તા મેળવવી મુશ્કેલ હતી, સાથે-સાથે પનીરના નિકાસ ધોરણ સાથે મેળ ખાય એ મહત્ત્વપૂર્ણ હતું. આથી બનાસ ડેરીએ પનીર ઉત્પાદનની પ્રક્રિયાને સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) બનાવવા માટે ઘણી બધી મહેનત અને પ્રયાસ કર્યા છે. બનાસ ડેરી પાસે સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર પ્લાન્ટ નિર્માણ કરવા માટેનો કોઈ સંદર્ભ ન હોવાથી પનીર દહીંના ઉત્પાદન, પ્રેસિંગ, કૂલિંગ વગેરેનાં વિવિધ પ્રક્રિયા પરિમાણો સેટ કરવા માટે વિવિધ પાઈલટ પ્લાન્ટ્સમાં વિવિધ ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. બનાસ ડેરીએ વૈશ્વિક સપ્લાયર તેમજ ભારતીય સપ્લાયર્સ સાથે પનીર ઓટોમેટિક પ્લાન્ટની જરૂરિયાત પ્રમાણે વિવિધ ચર્ચાઓ કરીને સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરી છે. ઓટોમેટિક (સ્વયં સંચાલિત) પનીર પ્લાન્ટમાં પનીરના ઉત્પાદન માટે વિવિધ સપ્લાયર્સ પાસે વિવિધ તકનીકી હતી, પરંતુ બનાસ ડેરીએ સર્વશ્રેષ્ઠ અને આધુનિક તકનીક અને સંસાધનોની મદદથી ઓટોમેટિક પનીર પ્લાન્ટ બનાવ્યો છે. બનાસ ડેરીએ વિવિધ ટ્રાયલના આધારે તમામ ઉકેલોનું મૂલ્યાંકન કર્યું છે અને ઓટોમેટિક પનીર પ્લાન્ટની અંતિમ ટેક્નિકલ જરૂરિયાત પૂરી કરી છે અને તે જ સંપૂર્ણ ઓટોમેટિક (સ્વચાલિત) પનીર પ્લાન્ટના આધારે સ્થાપિત કરવામાં આવ્યો છે.

પનીર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં બનાસ ડેરીએ પનીર મિલ્ક પ્રી-પ્રોસેસિંગ સાધનો, તમામ સાધનોને જોડવા માટે કન્વેયિંગ સિસ્ટમ પનીર પ્લાન્ટનું હાર્ટ કોગ્યુલેશન મોડ્યુલ, ઓટોમેટિક પનીર પ્રેસિંગ, કૂલિંગ વૅટ્સ, અલ્ટ્રાસોનિક કટિંગ મશીન, થર્મોફોર્મિંગ મશીન, IQF (વ્યક્તિગત રીતે ઝડપી ફ્રીઝિંગ) ઈન્સ્ટોલ કર્યાં છે. મલ્ટિહેડ વેઈઝર, વર્ટિકલ ફોર્મ ફિલ સીલ મશીન, તાજા પનીર સ્ટરિલાઈઝર્સ વગેરે. ઓટોમેટિક પનીર પ્લાન્ટમાં બનાસ ડેરીએ વન વેટ ટુ વન મોલ્ડ કોન્સેપ્ટ અમલમાં મૂક્યો છે, જેનો અર્થ થાય છે કે એક વેટમાં દૂધનો ચોક્કસ જથ્થો લેવામાં આવશે અને જમાવટ પછી દહીં ટ્રાન્સફર કરવામાં આવશે. એક બીબામાં જે વજન અને પરિમાણના સંદર્ભમાં સમાન બ્લોક રચના તરફ દોરી જાય છે. બનાસ ડેરીએ પનીર પ્લાન્ટમાં સૂક્ષ્મ છિદ્રિત મોલ્ડનો ઉપયોગ કર્યો છે, જે પનીરની સારી ગુણવત્તામાં પણ મદદ કરે છે. પનીર બ્લોક્સનું અલ્ટ્રાસોનિક કટિંગ સારી કટિંગ સપાટી અને ઉત્પાદનોની સારી ગુણવત્તા મેળવવામાં મદદ કરે છે. પનીર પ્લાન્ટમાં ૧.૨ એમટીપીએચની ક્ષમતા સાથે તાજા અને ફ્રોઝન પનીરનું ઉત્પાદન કરવામાં આવશે. બનાસ ડેરીએ પનીર પ્રોસેસિંગ અને કૂલિંગ એરિયામાં ઈનબિલ્ટ યુવી સિસ્ટમ સાથે FAV સિસ્ટમ ઈન્સ્ટોલ કરી છે, જેથી પ્લાન્ટમાં હવાની શ્રેષ્ઠ ગુણવત્તા હોય, જે દૂષિત થવાના જોખમને દૂર કરે છે.

ઘણા સમયના સંશોધન, વાર્તાલાપ, ટેક્નોલોજીનો અભ્યાસ અને વિચારો આદાનપ્રદાન કર્યા બાદ બનાસ ડેરીએ પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થથી એશિયાની અંદર પ્રથમ ઓટોમેટિક પનીર પ્લાન્ટનું નિર્માણ કર્યું છે, જેને મેડ ઈન ઈન્ડિયા પણ કહી શકાય. આ ડેરી ઉદ્યોગ માટે એક મોટી સિદ્ધિ છે, જે બનાસ ડેરીને આત્મનિર્ભર બનાવે છે.



# મેડ ઈન ઇન્ડિયા

## સંપૂર્ણ ઓટોમેટિક પનીર પ્લાન્ટ, બનાસ ડેરી, પાલનપુર













# બનાસ મેડિકલ કોલેજ પશુપાલકોનાં સંતાનોને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન કરી રહી છે સાકાર

**બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પરિશ્રમથી બનાસકાંઠામાં મેડિકલ કોલેજ આવી છે, જેના કારણે પશુપાલકોનાં સંતાનો સાવ ઓછા ખર્ચે તબીબી શિક્ષણ પ્રાપ્ત કરીને ડોક્ટર બની રહ્યા છે. આજે ગલબાકાકાએ વાવેલા બનાસના વટવૃક્ષમાં નવી કૂંપળો ફૂટી છે અને વૃક્ષ વિશાળ થયું છે.**



ગુજરાતમાં શ્વેતક્રાંતિએ ગ્રામીણ અર્થવ્યવસ્થાને સુદઢ બનાવવા અને ડેરી ઉદ્યોગને વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. શ્વેતક્રાંતિ થકી ભારત દૂધ ઉત્પાદનમાં આત્મનિર્ભર બન્યું, પરિણામે પશુપાલકો આર્થિક રીતે સધ્ધર તો બન્યા, સાથે-સાથે નવી રોજગારીનું પણ સર્જન થયું છે. આ શ્વેતક્રાંતિ હવે સ્વીટક્રાંતિ બની છે, કારણ કે આ જ ડેરીના સહયોગથી આજે પશુપાલકોનાં સંતાનોને તબીબ બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

થરાદના અંતરિયાળ એવા નાની પાવડ ગામના પ્રજાપતિ પરિવારના પુત્રનું ડોક્ટર બનવાનું સ્વપ્ન સરકાર થઇ રહ્યું છે. પરિવારના મોભી શ્રી રામાભાઈ પ્રજાપતિ પાસે નવ એકર જમીન અને નવ પશુઓ છે. જમીનમાં ખેતી કરી તેઓ વર્ષે ત્રણ લાખ રૂપિયાની કમાણી કરે છે, જ્યારે વર્ષે બીજા ત્રણ લાખ રૂપિયા દૂધ વેચીને કમાય છે. રામાભાઇ પ્રજાપતિની વાર્ષિક આવક ૬ લાખ રૂપિયા છે. શ્રી રામાભાઈનો મોટો પુત્ર સવજી હોસ્ટેલમાં રહીને એમબીબીએસનો અભ્યાસ કરે છે. કોલેજ અને હોસ્ટેલની વાર્ષિક ફી રૂ. ૮,૬૫,૦૦૦ છે. સવજી પણ પોતાના પિતાને ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં મદદ કરવા સાથે અભ્યાસ પણ કરે છે. શ્રી રામાભાઈની પુત્રી ધોરણ-૧૨ (સાયન્સ)માં અને નાનો પુત્ર ધોરણ-૯માં અભ્યાસ કરે છે. વર્ષે છ લાખની કમાણીમાં પુત્રને મેડિકલમાં અભ્યાસ ઉપરાંત બે સંતાનોને પણ અભ્યાસ કરાવવાનું શક્ય નથી, પરંતુ બનાસ ડેરીએ શ્રી રામાભાઈને સંતાનોને શિક્ષણ આપવાની હિંમત આપી છે.

દીકરાને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન સાકાર થવાની ખુશીમાં શ્રી રામાભાઈએ સંસ્થાનો આભાર માનતાં જણાવ્યું હતું કે મારી વાર્ષિક આવક રૂ. ૬ લાખ છે, પરંતુ આજના સમયમાં ત્રણ સંતાનોને એકસાથે ભણાવવાં ખૂબ જ મુશ્કેલ છે, એમાં પણ



તબીબી શિક્ષણ પ્રાપ્ત કરવું તો ઘણુંજ મુશ્કેલ છે, પરંતુ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા ખેડૂતોની માલિકીની જે બનાસ મેડિકલ કોલેજ, મોરિયા બનાવવામાં આવી છે તેના પ્રતાપે મારો મોટો દીકરીઓ સવજી તબીબી શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યો છે. આ એટલે શક્ય બન્યું, કારણ કે આ કોલેજમાં ૫૦ ટકા ફી માફ કરવામાં આવે છે.

ન માત્ર એક પ્રજાપતિ પરિવાર પણ ભાભર તાલુકાના તેતરવા ગામના જોશી પરિવારનો દીકરો પણ તબીબી શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યો છે. આ પરિવારના મોભી છે- શ્રી જીવરામભાઈ જોશી. એમનો મોટો પુત્ર ધર્મેશ જોશી એમબીબીએસનો અભ્યાસ કરે છે તેમજ તેમની બે પુત્રીઓ બી.કોમ.નો અભ્યાસ કરે છે. શ્રી જીવરામભાઈની વાર્ષિક આવક રૂ. ૪,૩૫,૦૦૦ છે, જેની સામે સંતાનોની વાર્ષિક ફી રૂ. ૮,૮૦,૦૦૦ છે. આ સ્થિતિમાં બનાસ ડેરી શ્રી જીવરામભાઈના પુત્રની અડધી ફી એટલે કે ૫૦% ફી ભરપાઈ કરે છે, જેના કારણે સાવ સામાન્ય પશુપાલકનું પોતાના પુત્રને તબીબ બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

શ્રી જીવરામભાઈ જોશીએ બનાસ મેડિકલ કોલેજ અને બનાસ ડેરીનો આભાર માનતાં જણાવ્યું હતું કે પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરીને દીકરા-દીકરીને તબીબી શિક્ષણ આપવું અશક્ય હોય છે, કારણ કે આજના સમયમાં તબીબી શિક્ષણ અને હોસ્ટેલની ફી પણ રૂ. ૮-૯ લાખની આજુબાજુ હોય છે તો એક ખેડૂત માટે ઓછી જમીનમાં ખેતી અને મજૂરી કરીને પોતાનાં બાળકોને શિક્ષણ આપવું અશક્ય છે, પરંતુ બનાસ ડેરી એ બનાસ મેડિકલ કોલેજમાં તબીબી શિક્ષણ પ્રાપ્ત કરવા માટે જે ફી માફી આપી છે, એના કારણે મને હિંમત મળી કે હવે મારા દીકરાને તબીબી શિક્ષણ આપવાનું સ્વપ્ન સાકાર થશે. આજે ખરેખર સાચા અર્થમાં મારા દીકરાને ડોક્ટર બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. તબીબી શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ૫૦ ટકા ફીનો જે લાભ અમારા જેવા અનેક પરિવારોને આપે છે તેના માટે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, નિયામક મંડળ અને ડેરી સાથે જોડાયેલા તમામનો ખૂબ ખૂબ આભાર માનું છું.

બનાસકાંઠામાં વર્ષ ૨૦૧૮ સુધી મેડિકલ કોલેજનો અભાવ હતો. મેડિકલનો અભ્યાસ કરવા યુવાઓને અન્ય જિલ્લામાં જવું પડતું હતું પણ વર્ષ ૨૦૧૭માં બનાસ ડેરીએ મેડિકલ કોલેજની માગ કરી અને સરકારી મંજૂરી મળતાં બનાસ મેડિકલ કોલેજ, મોરિયાની સ્થાપના કરી. બનાસ ડેરીએ એક યોજના લાગુ કરી છે કે જે પશુપાલક સતત ત્રણ વર્ષથી દૂધ ભરતા હોય તેમનાં સંતાનોને મેડિકલ કોલેજમાં એડ્મિશન મળે તો વર્ષે ૫૦% ફી ડેરી ભરશે. આ યોજનાથી ઓછી કમાણી કરતા પશુપાલકોમાં સંતાનોને ડોક્ટર બનાવવાની આશા જાગી. છેલ્લાં પાંચ વર્ષમાં બનાસ ડેરીએ પશુપાલકોનાં ૨૬૩ સંતાનોની કુલ ૩૫ કરોડ રૂપિયા ફી ભરપાઈ કરી છે.

બનાસ મેડિકલ કોલેજ દેશ અને વિશ્વની એકમાત્ર એવી સંસ્થા છે, જે ખેડૂતો અને પશુપાલકો દ્વારા ચલાવવામાં આવે છે. આ બનાસ મેડિકલ કોલેજના માલિકો ખેડૂતો અને પશુપાલકો છે. બનાસ ડેરીના સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ મેડિકલ કોલેજનું સંચાલન કરવામાં આવે છે. બનાસ મેડિક્લ કોલેજ અને તેને સંલગ્ન હોસ્પિટલનો લાભ બનાસકાંઠા પૂરતો સીમિત ન રહીને સમગ્ર ઉત્તર ગુજરાતની સાથોસાથ નજીકના રાજ્ય એવા રાજસ્થાનના નાગરિકોને પણ મળે છે. બનાસકાંઠામાં બનાસ મેડિકલ કોલેજ આવતાં રાજ્યનાં બાળકોને રાજ્ય બહાર તબીબી શિક્ષણ હેતુ જવું ન પડે તેવી હકારાત્મક સ્થિતિનું નિર્માણ થયું છે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પરિશ્રમથી બનાસકાંઠામાં આ મેડિકલ કોલેજ આવી છે, જેના પરથી એમ કહી શકાય કે ગલબાકાકાએ વાવેલા બનાસના વટવૃક્ષમાં નવી કૂંપળો ફૂટી છે અને વૃક્ષ વિશાળ થયું છે.





# બનાસકાંઠાની ધરતી એટલે ક્રાંતિની ધરતી





## બનાસકાંઠાની ધરતી એટલે ક્રાંતિની ધરતી



| | |
|---|---|
| શ્વેતક્રાંતિ | પશુપાલકો બન્યા સમૃદ્ધ |
| હરિયાળી ક્રાંતિ | બનાસકાંઠા જિલ્લો બન્યો હરિયાળો |
| સ્વીટક્રાંતિ | માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સ્વપ્ન થયું સાકાર |
| ઊર્જાક્ષેત્રે ક્રાંતિ | ગોબરમાંથી બાયો CNG નું ઉત્પાદન કરી પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે મહત્ત્વની પહેલ |





# પશુ વંધ્યત્વ સુધારણા યોજના (F.I.P.)

## દૂધ મંડળી પર પશુધનની સારવાર માટે કરાય છે કેમ્પનું આયોજન

સંઘ અને ફેડરેશન દ્વારા સંચાલિત પશુ વંધ્યત્વ સુધારણા યોજના (F.I.P.) યોજનામાં બિનઉત્પાદક પશુઓ એટલે કે એક પણ વખત ન વિયાયેલાં પુખ્ત પાડી-વાછરડી અને વસૂકેલી ખાલી ભેંસો/ગાયોની સારવાર કરીને તેમની સંખ્યામાં ઘટાડો કરવાના ઉદ્દેશ્ય સાથે અમલમાં મૂકેલ છે.

**મુખ્ય ઉદ્દેશ્ય**

એક પણ વખત ન વિયાયેલ પુખ્ત પાડી-વાછરડી અને વસૂકેલી ખાલી ભેંસો/ગાયોની સારવાર કરીને તેમની સંખ્યામાં ઘટાડો કરીને દૂધ આપતાં પશુઓની સંખ્યા વધારીને દૂધ ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો કરવો, પશુપાલનના ધંધાને આર્થિક રીતે પોષણક્ષમ બનાવવા, પશુપાલનના વ્યવસાયમાં લોકોનો રસ જાળવી રાખવા અને તમામ પશુઓની તંદુરસ્તીમાં વધારો થાય અને નિયમિત ગાભણ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે છે.

F.I.P. યોજના અંતર્ગત પશુઓની નોંધણી કરીને નિયત સમયાંતરે સારવાર કેમ્પ દ્વારા તેમની સારવાર કરાય છે અને સારવારના પરિણામે ગાભણ થયેલ પશુને બે બોરી બનાસ દાણ નિઃશુલ્ક આપવામાં આવે છે. બનાસ ડેરી દ્વારા પશુપાલકોના ઉત્થાન માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકાયેલ છે, જેમાં પશુ સારવાર, કાંકરેજ ગૌવંશ સંવર્ધન, મહેસાણી ભેંસ ઓલાદ સુધારણા, વંધ્યત્વ નિવારણ, સમતોલ આહાર, પાડી-વાછરડી ઉછેર તેમજ રોગ વિરોધી રસીકરણનો સમાવેશ થાય છે. બનાસ ડેરી દ્વારા પશુ સંવર્ધનની કામગીરીને ધબકતી રાખવાના લક્ષ્ય સાથે દામા ખાતે 'સ્ટેટ ઓફ આર્ટ' સીમેન સ્ટેશન કાર્યરત છે, જેમાં પૂરી કાળજી રાખીને બીજદાન માટેના ડોઝ તૈયાર કરવામાં આવે છે. આ સ્ટેશનમાં મહેસાણી ભેંસ જાતના પાડા, કાંકરેજ ગાય અને એચ.એફ. ક્રોસ જાતના આખલાના વીર્યના થીજવેલ ડોઝ બનાવવામાં આવે છે.

F.I.P. કેમ્પનું આયોજન થતાં અમને નીચે મુજબના ફાયદા થયા :

- પશુમાલિકોમાં પશુ વંધ્યત્વ અંગે જાગૃતિ આવી.
- કૃ.વિ. કામગીરીમાં સુધાર આવ્યો, જેથી ગાભણની ટકાવારી વધી.
- ચરમ નાબૂદી અને રસીકરણ અસરકારક રીતે થયાં.
- વંધ્ય પશુઓની સંખ્યામાં ઘટાડો થયો.
- પશુમાલિક, મંડળી તથા સંઘને આર્થિક ફાયદો થયો.
- વંધ્યત્વથી પીડાતાં પશુઓ ગાભણ થતાં દૂધ ઉત્પાદનમાં આવ્યાં.
- મોટી ઉંમરની વાછરડી-પાડી કે જે વેતરમાં ન આવતી હતી તે વેતરમાં આવી ગાભણ થઈ.
- ચાર કેમ્પમાં વેટરનરી ડોક્ટર સાથેના સતત સંપર્કથી પશુપાલન વ્યવસાય અમે વૈજ્ઞાનિક ઢબે કરતા થયા.
- બીજદાનનો વ્યાપ વધારવાથી સારી દૂધ ઉત્પાદનક્ષમતા ધરાવતાં પશુઓ ઘરઆંગણે પેદા થયાં.
- F.I.P. પ્રોગ્રામથી અમારા દૂધ ઉત્પાદકોનો ઉત્સાહ વધ્યો.

પશુઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પશુ આહાર, ભેંસ દાણ મળી રહે તે માટે અત્યંત આધુનિક કેટલફીડ પ્લાન્ટ કાર્યરત છે, જેના થકી બનાસ દાણ અને તેની વિવિધ બનાવટો પશુપાલકોને યોગ્ય કિંમતે પૂરી પાડવામાં આવે છે. વિશેષ તો દાણની ગુણવત્તામાં અનેક ફેરફારો કરવામાં આવ્યા છે, જેના પરિણામે પડતર પશુઓની સંખ્યા હજુ વધુ ઘટાડી શકાશે.

ઉલ્લેખનીય છે કે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના સતત માર્ગદર્શન હેઠળ પશુપાલન ક્ષેત્રે ગુણવત્તાસભર વિકાસ થાય તેવા અવિરત પ્રયાસો હાથ ધરીને છેલ્લાં કેટલાંક વર્ષોમાં ડેરી કક્ષાએ પશુ સંવર્ધન, પશુ આહાર અને રસીકરણની કામગીરી માટે જે તે વિષયના સંબંધિત તજજ્ઞોની અલગથી ટીમ બનાવી સુચારુ આયોજન ગોઠવીને પશુપાલકોને ઉપયોગી થવાનો સહિયારો પ્રયાસ થઈ રહ્યો છે.



# સાઈલેઝ: દૂધ ઉત્પાદનમાં વધારો કરતો ગુણવત્તાયુક્ત ચારો



સાઈલેઝ એટલે પશુઓને નીરવામાં આવતો આથેલો ચારો (ઘાસચારાનું અથાણું), જેમાં ૭૦% જેટલો ભેજ હોય છે, જેનો ખેડૂત તેમનાં (ગાય અને ભેંસ) પશુઓને ખવડાવવામાં ઉપયોગ કરે છે, સાઈલેઝ બનાવવા માટે મુખ્ય પાક મકાઈ છે. (જેમાં ૮૦-૮૫ દિવસ પછી મકાઈનાં ડૂંડાનો દાણો દૂધિયો ૩૩ ટકા પીળો થાય એટલે લીલી મકાઈ કટિંગ કરી, નાના-નાના ટુકડાઓમાં ચાફિંગ કરી, આથો લાવવા દ્રાવણ ઉમેરી, હવાચુસ્ત રીતે ગાંસડીઓમાં પેક કરી ૨૧થી ૨૫ દિવસ પછી સંપૂર્ણ (Fermentation) આથો આવે એટલે ગુણવત્તાયુક્ત સાઈલેઝ તૈયાર થાય.





### બનાસ ડેરી દ્વારા સાઈલેઝની પ્રથમ શરૂઆત :-

જુલાઈ-૨૦૧૮માં સૌ પ્રથમ બહારથી સાઈલેઝની ખરીદી કરી, આપણી દૂધ મંડળીઓ - દૂધ ઉત્પાદકોની માગણી મુજબ ૩૨૧ ટન જેટલો જથ્થો વિતરણ કરી શરૂઆત કરેલ એટલે ખેડૂતોને તેના પ્રત્યક્ષ ફાયદા જોવા મળેલ તેમજ તેનું નિદર્શન કરતાં સાઈલેઝની માગ વધેલ એટલે આપણા ફોડર વિભાગ દ્વારા જિલ્લામાં જ સાઈલેઝનું ઉત્પાદન થાય તેવું વિચારીને જિલ્લાના ખેડૂતો પાસે ૨૦૧૮માં મકાઈ પાકનું વાવેતર કરાવી, ૨૩૭૮ ટન જેટલા જથ્થાનું ૧૦૦ કિલોની ગાંસડીઓમાં ઉત્પાદન કરી, દૂધ ઉત્પાદકોની માગણી મુજબ વાજબી ભાવે વિતરણ કરેલ, પરંતુ આપણા જિલ્લામાં મકાઈનું ઉત્પાદન ઓછું મળે છે, કારણ કે જિલ્લાની જમીન મકાઈના પાકને અનુરૂપ નથી, જેથી વાવેતર કરનાર ખેડૂતોને પોષાતું નથી, જેથી ત્યાર બાદ સાઈલેઝ માટે મકાઈનું વાવેતર ખેડૂતોએ કરેલ ન હતું તેમજ જ્યાં મકાઈનો પાક થાય છે તે ખેડૂતોનાં ખેતરો નાનાં હોઈ સાઈલેઝ માટેનાં હાર્વેસ્ટિંગ મશીનોનો ઉપયોગ થઈ શકતો નથી એટલે તેઓ તેમનાં પશુઓને લીલા ઘાસચારા તરીકે નીરે છે. અમુક ખેડૂતો મકાઈના પાકને સાઈલેઝ બની શકે તે અવસ્થા સુધી ઊભો રાખતા નથી, એ કાચી મકાઈને લીલા ચારા તરીકે ગૌશાળાઓને વેચાણ કરે છે.

### બીજી વાર આપણું સાઈલેઝ ઉત્પાદન:-

ચાલુ વર્ષ ૨૦૨૩ના ચોમાસા પહેલાં વડગામ અને પાલનપુર તાલુકાઓમાં ફોડર વિભાગ દ્વારા રૂબરૂ સર્વે-મિટિંગો કરાતી, ચોમાસાની ઋતુમાં બીજા પાકોની જગ્યાએ સાઈલેઝ માટે મકાઈના પાકને અનુકૂળ જમીન અને પિયત માટે વધુ પાણી ધરાવતાં ગામોમાં વાવેતર કરવા માટે સંમત કરી તેમની સાથે લીલી મકાઈ રૂ. ૩.૫૦ પ્રતિકિલોના ભાવથી ખરીદવાનો કરાર કરી વાવેતર કરાવેલ અને તેમાંથી ૧૩૮૯ ટન જેટલા જથ્થાનું ૧૦૦ કિલોની ગાંસડીઓમાં ઉત્પાદન કરેલ છે.

### સાઈલેઝના મુખ્ય ફાયદા :-

૧. જ્યારે લીલા ઘાસની અછત હોય ત્યારે સાઈલેઝ (આથેલો ચારો) લીલા ઘાસની અછત ને પૂરી કરવા માટેનો સસ્તો અને પોષક ચારો છે.



૨. ઊભા પાકની કાપણી એકસાથે થતી હોવાથી બીજી ઋતુમાં કોઈ પણ પ્રકારના નુકસાન વગર જમીન ઝડપથી ઉપયોગમાં લઈ શકાય છે.

૩. પશુઓને પોષક તત્ત્વોયુક્ત ખોરાક આખા વર્ષ દરમિયાન મળી રહે છે.

૪. લીલો ઘાસચારો કાપવા માટે દરરોજ મજૂરોની જરૂર પડે છે, જ્યારે સાઈલેઝ માટે મકાઈ પાકની કાપણી માટે દરરોજ મજૂરોની જરૂર પડતી નથી.

૫. એકસરખી ગુણવત્તાનું લીલું ઘાસ પશુઓને દરેક મોસમમાં ઉપલબ્ધ થાય છે.

૬. સાઈલેઝનો સંગ્રહ ઓછી જગ્યામાં સહેલાઈથી થઇ શકે છે.

૭. દૂધ ઉત્પાદનમાં ૫%થી ૧૦%નો વધારો થાય છે અને પશુની તંદુરસ્તીમાં સુધારો થવાથી વંધ્યત્વના પ્રશ્નો નહીંવત રહે છે.

- સારી રીતે આથેલા સાઈલેઝમાં volatile fatty acid હોય છે, જે જઠરના બેક્ટેરિયાઓને સારું પોષણ પૂરું પાડે છે, જેથી સારી ગુણવત્તાવાળું માઈક્રોબાયલ પ્રોટીન ઉત્પન્ન થાય છે, જેથી ખોરાકનું પાચન સારી રીતે અને ઝડપી થાય છે.

- સાઈલેઝમાં Organic acid, Lactic acid, Butyric



acid અને Acetic acids હોય છે, જે દૂધ ઉત્પાદનમાં અને દૂધનાં પોષક તત્ત્વોમાં વધારો કરે છે.

- સાઈલેઝમાં સારી ગુણવત્તાયુક્ત Digestable fiber હોય છે, જે સાઈલેઝ ખવડાવ્યા પછી ૮થી ૧૦ કલાકમાં પશુને શક્તિ પ્રદાન કરે છે.

### સારી ગુણવત્તા ધરાવતા સાઈલેઝનાં લક્ષણો :-

- આછો લીલો-પીળો અને લીલો-ભૂરો રંગ હોવો જોઈએ.
- કાળો, ઘાટો ભૂરો રંગ કે સાઈલેઝ સડેલું ન હોવું જોઈએ.
- સાઈલેઝ નરમ અને થોડી મીઠી સુગંધવાળું હોવું જોઈએ.
- સાઈલેઝનો સ્વાદ ખારો ન હોવો જોઈએ.

### ગુણવત્તાયુક્ત સાઈલેઝનાં જરૂરી ધારાધોરણો:-

- ભેજ ૭૦%ની આસપાસ
- પ્રોટીન ૬.૫% થી વધુ
- ફેટ ૧.૫% થી વધુ
- pH ૩.૫ થી ૪.૪
- મકાઈદાણા ૧૬% થી વધુ

### સાઈલેઝ માટે મકાઈની ખેતી :- (પ્રતિએકર)

- મકાઈ ઊગી શકે તેવી અનુકૂળ જમીન અને પૂરતા પિયતની વ્યવસ્થા ધરાવતાં ખેડૂતો-ખેતરોની પસંદગી કરી તેમની સાથે કરારખત કરેલ.
- હાર્વેસ્ટિંગ મશીનોનો અસરકારક ઉપયોગ થાય તે માટે ઓછામાં ઓછા એક એકર જમીનના ખેતરમાં મકાઈની વાવણી કરાવી.
- કુલ ૩૫૦ એકર જેટલી જમીનમાં મકાઈનું વાવેતર કરાવેલ.
- શિડ્યૂલ બનાવી વાવેતર કરાવ્યું.
- મકાઈના પાયોનિયર બિયારણનું વાવેતર કરાવેલ. (બિયારણનો દર ૮ થી ૮.૫ કિલો પ્રતિએકર)
- વાવણી માપ-૨ લાઈન વચ્ચે-૧૫ થી ૧૬ ઈંચ અને ૨ દાણા વચ્ચે-૭થી ૮ ઈંચ
- ખેતીવિષયક માહિતી (પિયત, ખાતર, રોગ/જીવાત/ નિંદામણ નિયંત્રણ) તેમજ અન્ય જરૂરી ભલામણ માટે દર ૧૫ દિવસે ફોડર વિભાગ દ્વારા પાકનું રૂબરૂ સુપરવિઝન કરાયું.

### સાઈલેઝ બનાવવાની પદ્ધતિ :-

૮૦-૮૫ દિવસ પછી મકાઈડૂંડામાં દૂધિયો દાણો ૩૩ ટકા પીળો થાય ત્યારે સાઈલેઝ માટે કાપણી કરવી યોગ્ય છે, જેથી વધુ પ્રમાણમાં પોષક તત્ત્વો મળી રહે.

- પ્રથમ વાવેતરના શિડ્યૂલના આધારે હાર્વેસ્ટિંગ (કાપણી) શિડ્યૂલ બનાવ્યું.
- હાર્વેસ્ટિંગ (કાપણી) શિડ્યૂલ મુજબ હાર્વેસ્ટિંગ મશીનથી કટિંગ તેમજ ૨-૩ સેન્ટિમીટરના નાના-નાના ટુકડામાં ચાર્ફિંગ કરી, ટ્રોલીઓમાં ભરી દરેક ખેડૂત તથા ટ્રોલી વાઈઝ વજનકાંટા વજન કરાવ્યા બેલ્લિંગ સ્ટેશન ઉપર જથ્થો લાવ્યા.
- કાપણી બાદ પોષક તત્ત્વો જળવાઈ રહે તે હેતુથી ૪ કલાકની અંદર બેલ્લીંગ મશીન દ્વારા હવાચુસ્ત રીતે ૧૦૦-૧૦૦ કિલોની ગાંસડીઓ બનાવી. (તે દરમિયાન સારી ગુણવત્તાનું સાઈલેઝ ઝડપી તૈયાર કરવા માટે મેળવણના દ્રાવણ (inoculant)નો છંટકાવ તમામ જથ્થામાં બેલ્લિંગ મશીન દ્વારા ઓટોમેટિક થતો રહે છે.)
- દરેક ગાંસડીઓનું વજન કરી ઉત્પાદિત ૧૩૮૯ ટન જેટલા જથ્થાના લોટ વાઈઝ સ્ટેકિંગ કરી સુરક્ષિત જગ્યાએ સ્ટોક કર્યો.
- ૨૧ દિવસ પછી પશુઓને ખવડાવવાલાયક સાઈલેઝ તૈયાર થાય એટલે ગાંસડી એક બાજુથી કાપીને નીરવું અને ત્યાર બાદ ખુલ્લા ભાગને ઢાંકી દેવો.





# બનાસકાંઠાને પ્રાકૃતિક ખેતીની દિશામાં દોરવા બનાસ ડેરીનો પ્રયાસ

## બનાસ ડેરીએ કાર્યક્રમ યોજી ખેડૂતોને આપી ઓર્ગેનિક ખાતર અને પ્રાકૃતિક ખેતીની માહિતી




અગાઉની પરંપરાગત ખેતીના સ્થાને રાસાયણિક ખાતર તેમજ કેમિકલયુક્ત દવાનો છંટકાવ કરી ઉત્પાદિત થતી ખેતપેદાશોથી જનઆરોગ્ય ખતરામાં મુકાય છે તે સમગ્ર વિશ્વએ સ્વીકાર્યું છે ત્યારે અગાઉની પરંપરાને અનુસરી ઓર્ગેનિક ખેતી અપનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબે કરેલ આહ્વાનને પરિપૂર્ણ કરવાના ઉદ્દેશ્ય સાથે દામા ખાતે કાર્યક્રમનું આયોજન કરીને બનાસકાંઠાના ખેડૂતોને બાયો CNG ઓર્ગેનિક ખાતર અંગે માહિતગાર કરાયા તેમજ પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું.

બનાસ ડેરીએ બનાસ બાયો સી.એન.જી. પ્લાન્ટ ખાતે જિલ્લાભરના ખેડૂતો માટે કાર્યક્રમ યોજીને ઓર્ગેનિક ખેતીથી જમીનમાં થતા ફેરફારો, ઉત્પાદનમાં થતા ફેરફારો, પાક ઉત્પાદનની ગુણવત્તામાં થતા વધારા વિશે માહિતી આપી તેમજ ખેડૂતોને વધુ ને વધુ પ્રાકૃતિક ખેતી તરફ દોરવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. જિલ્લામાં વિવિધ કાર્યક્રમો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે તાલીમ અપાય છે. બનાસ ડેરી દ્વારા કરાતા પ્રયાસો થકી દેશ માટે બનાસકાંઠા જિલ્લો પ્રાકૃતિક ખેતીનું મોડલ બનશે.

કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરી છે અને આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક ખેતી. પ્રાકૃતિક ખેતી એ કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકો આપવાનો, બહારની ખેતસામગ્રી વગર ખેત ઉત્પાદન કરવાના



સિદ્ધાંત-સામગ્રી વગર ખેતઉત્પાદન કરવાના સિદ્ધાંત આધારિત છે.

**પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ:**

- ખેતીખર્ચ નહીંવત્.
- રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાનો ખર્ચ શૂન્ય.
- ખેડૂતોએ કોઈ વસ્તુ બહારથી લેવાની જરૂર નહિ.
- ખૂબ ઓછા પાણીની જરૂરિયાત.
- પ્રાકૃતિક કૃષિમાં જમીનમાં પુષ્કળ પ્રમાણમાં અળસિયાં આવે છે, જે જમીનને છિદ્રાળુ કરે છે, જેથી વરસાદનું પાણી રિચાર્જ થાય છે. આમ, ''ખેતરનું પાણી ખેતરમાં''નો સિદ્ધાંત ખર્ચ વગર પાર પડે છે.
- પ્રાકૃતિક ખેતપેદાશ રાસાયણિક અવશેષોમુક્ત અને ઉચ્ચ ગુણવત્તાવાળી હોવાથી બજારમાં સારા ભાવ મળી રહે છે.
- પર્યાવરણની જાળવણી અને સંવર્ધન થાય છે.
- ઓછો ખર્ચ, વધુ ઉત્પાદન, ઉત્તમ ગુણવત્તા, સારી માગ, યોગ્ય કિંમત મળતાં ખેડૂતોની આવકમાં વધારો થાય છે.





# એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી પશુ સંવર્ધનમાં બનાસ ડેરીને મળી ભવ્ય સફળતાઓ

**થરાદ તાલુકાના ચાંગડા ગામે કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ થકી જન્મેલી બે તંદુરસ્ત વાછરડીઓ**

**બનાસ ડેરી એમ્બ્રિયો ટ્રાન્સફર થકી બનાસકાંઠાની ધરોહર સમાન કાંકરેજ ગૌવંશ સુધારણાની શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે**

**બનાસ ડેરી વધુ દૂધ ઉત્પાદન આપતી કાંકરેજ ગાયની નવીન પેઢી ઊભી કરશે અને પશુદીઠ દૂધ ઉત્પાદનમાં વધારો કરી પશુપાલકોને આર્થિક રીતે મજબૂત બનાવશે**



બનાસકાંઠાની ધરોહર સમાન કાંકરેજ ગૌવંશ સુધારણા માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા ભારતમાં સૌપ્રથમ વાર એન.ડી.ડી.બી.ના સહયોગથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો, તાજેતરમાં આ ટેક્નોલોજીમાં બનાસ ડેરીને એકસાથે બે સફળતા મળી છે. થરાદ તાલુકાના ચાંગડા ગામે કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ થકી બે તંદુરસ્ત વાછરડીઓનો જન્મ થયેલ છે. બનાસ ડેરી વૈજ્ઞાનિક ઢબે ખેતીના વ્યવસાયને તો વિકસાવે છે, પરંતુ સાથે પશુપાલન વ્યવસાયમાં પણ વૈજ્ઞાનિક પદ્ધતિને અપનાવી આ વ્યવસાયને વિકસાવવામાં આવી રહ્યો છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

આગામી સમયમાં પશુદીઠ દૂધ ઉત્પાદનમાં વધારો કરી પશુપાલકોને આર્થિક રીતે મજબૂત બનાવવા અને વધુ દૂધ આપતી કાંકરેજ ગાયની નવીન પેઢી ઊભી કરવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ તા. ૨૨-૦૭-૨૦૨૧ ના



રોજ રૈયા ખાતેથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરાવ્યો હતો, જેનો પ્રથમ પ્રયોગ ધાનેરા તાલુકાના સોતવાડા ગામમાં કરવામાં આવ્યો હતો. ત્યાંની ૨૫ લિટર દૂધ આપતી ગર્ભવાળી ગાય અને ૨૫ લિટર ઉપરવાળા સાંઢના બીજથી કાંકરેજ ગાયમાં ૧ મહિના પહેલાં તૈયાર કરાયેલ ગર્ભ એચ.એફ. ગાયમાં ટ્રાન્સફર કરીને સ્વસ્થ કાંકરેજ વાછરડાનો જન્મ કરાવવામાં બનાસ ડેરીને મોટી સફળતા મળી હતી. આજે વર્તમાન સમયમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજીનાં પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૪૧૨ કાંકરેજ ગાયોમાં ગર્ભ પ્રત્યારોપણ કરેલ છે, જેમાંથી ૫૪ ગાયો ગાભણ થયેલ છે અને ૩૪ ગાયોનું વિયાણ થયેલ છે, તેમાં ૧૯ કાંકરેજ વાછરડી તથા ૧૫ વાછરડા જન્મેલ છે. તે ઉપરાંત ગર્ભ પ્રત્યારોપણ (એમ્બ્રિયો ટ્રાન્સફર) યોજના (એ.બી.આઈ.પી.ઈ.ટી.) અંતર્ગત કુલ ૨૬૩ ગર્ભ પ્રત્યારોપણ કરવામાં આવેલ છે, જેમાંથી ૩૪ પશુ ગાભણ થયેલ છે. એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીમાં બનાસ ડેરીને ભવ્ય સફળતા પ્રાપ્ત થઈ રહી છે. તે ઉપરાંત ભારત સરકાર, ગુજરાત સરકાર, ફેડરેશન અને બનાસ ડેરીના સહયોગથી ખેડૂતના ઘરે સેક્સ શોર્ટેડ સીમેન ડોઝથી બનાવેલ ગર્ભ પ્રત્યારોપણ (એમ્બ્રિયો ટ્રાન્સફર) યોજના (એ.બી.આઈ.પી.ઈ.ટી.) અંતર્ગત અમલમાં મૂકેલ છે. નિકટ ભવિષ્યમાં ગર્ભ પ્રત્યારોપણ પદ્ધતિથી પશુ સંવર્ધન દ્વારા ૫ લિટરવાળી ગાયમાંથી પણ દૈનિક ૨૦ લિટરથી વધુ દૂધ આપી શકે તેવા ભારતીય નસલનાં બચ્ચાં પેદા કરીને ખેડૂતોને વધુ પગભર કરી શકાશે. બનાસ ડેરી પોતાના નવા નવા સહકારી વ્યવસાયોમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને આગળ વધી રહી છે, જેનો ફાયદો પશુપાલકો, ખેડૂતો અને જિલ્લાને મળી રહ્યો છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુ સંવર્ધનની દિશામાં બનાસ ડેરીની કામગીરી સંદર્ભે જણાવ્યું હતું કે પશુપાલન વ્યવસાયમાં ઝડપી પ્રગતિ અને દૂધ ઉત્પાદનમાં વધારો કરવાના ઉમદા હેતુ બનાસ ડેરી દ્વારા આધુનિક ટેક્નોલોજી અપનાવવામાં આવી છે. પશુ સંવર્ધનમાં ટેક્નોલોજીનો ઉપયોગ આશીર્વાદરૂપ સાબિત થશે, કારણ કે તેના લીધે ઉત્કૃષ્ટ ઓલાદો પેદા થશે, જે વધુ દૂધ આપશે અને પશુપાલકો વધુ દૂધ ભરાવીને આર્થિક રીતે સધ્ધર બનશે. તે ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબે ડેરી ઉદ્યોગ થકી રાષ્ટ્રને વિકસાવવા માટે આપેલ "સહકારથી સમૃદ્ધિ"નો મંત્ર સાકાર થશે, આત્મનિર્ભરતા અને સ્વદેશી જેવી ઝુંબેશને વેગ મળશે. ભારતમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો ઉપયોગ કોઈ પણ સંસ્થા અથવા તો કોમર્શિયલ ફાર્મમાં કરવામાં આવ્યો હોય તેવું તો જોવા મળેલ છે, પરંતુ કાંકરેજ એમ્બ્રિયો ટ્રાન્સફર અને તે પણ ખેડૂતના ફાર્મ ઉપર કરવામાં આવેલ હોય અને તેના દ્વારા બચ્ચાનો જન્મ થયો હોય એ ઘટના સૌપ્રથમ બનાસકાંઠામાં બની છે, જે ના માત્ર ખેડૂતો કે પશુપાલકો માટે, પરંતુ દેશ અને પશુપાલન ક્ષેત્રે ગર્વની વાત છે. જે હકારાત્મક પરિણામ મળી રહ્યાં છે તે દર્શાવે છે કે બનાસ ડેરી આ ટેક્નોલોજીની મદદથી ભારતમાં ઉત્કૃષ્ટ અને વધુ દૂધ ઉત્પાદન આપતી કાંકરેજ ગાયની નવીન પેઢી મેળવશે. આજે બનાસ ડેરી પોતાના નવા નવા સહકારી વ્યવસાયોમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને આગળ વધી રહી છે, જેનો ફાયદો પશુપાલકો, ખેડૂતો અને જિલ્લાને મળી રહ્યો છે.



## થરાદ તાલુકાના ચાંગડા ગામે કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ થકી જન્મેલી બે તંદુરસ્ત વાછરડીઓનાં સુંદર દૃશ્યો



